શિક્ષણ તંત્રની બેધારી નીતિ સામે રોષ, પત્ર પાઠવ્યો

# અરવલ્લી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલકો ધો-૬ થી ૮માં પ્રત્યક્ષ શિક્ષણ આપવા મક્કમ

## શિક્ષણ કાર્ય બંધ રાખવું પરવડે તેમ નથી!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

રાજયના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે સરકારી પ્રા. શાળામાં શેરી શિક્ષણના નામે પ્રત્યક્ષ શિક્ષણ ચાલુ કરાવી સ્વનિર્ભર શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ કરવા ઉપર પાલંધી ચાલુ રાખતાં વિરોધ વંટોળ શરૂ થયો છે. શિક્ષણ વિભાગ યોગ્ય નિર્મય નહીં લેતાા સ્વનિર્ભર શાળા સંચાલકો તા. ૧ સપ્ટેમ્બરથી ધો-૬ થી ૮માં પ્રત્યક્ષ શિક્ષણ આપવા મક્કમ બન્યાનું જાણવા મળેલ છે. શિક્ષણ વિભાગ જાણે કે સ્વનિર્ભર શાળાઓમાં શટર પાડવા ટાંચીને બેઠું હોય તેવી સ્થિતિ જોવા મળી છે. ખાનગી શાળાઓમાં ફી-માફી સહીત કેટલાક પ્રશ્નોમાં સ્વ નિર્ભર શાળા સંચાલકોને નુકશાન થાય તેવા નિર્ણય લેવાયા છે. જયાં સુધી ખાનગી શાળામાં ધોરણ-૧ થી ૮નું પ્રત્યક્ષ શિક્ષણ શરુ નહીં થાય ત્યાં સુધી ખાનગી સાળા સંચાલકોનું વાલીઓ પાસેની બાકી પાછળા ૨ વર્ષની ફી આવે તેવી સંભાવના ઓછી છે. ત્યારે સ્વનિર્ભર સંચાલક મંડળ, ગુજરાત રાજય દ્વારા શિક્ષણ વિભાગને પત્ર લખી સરકારી પ્રા. શાળાઓમાં શેરી શિક્ષણ શરૂ થઈ શકતું હોય તો સ્વનિર્ભર શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ કરવામાં કેમ મંજૂરી આપવામાં આવતી નથી. શેરી શાળઆઓમાં બાળકો કોરોનાથી ચેપગ્રસ્ત થાય તેવા દશ્યો જોવા મળે છે. છતાં કોઈ પાબંધી નથી અને સ્વનિર્ભર શાળા સંચાલકો કોવિડ-૧૯ ગાઈડલાઈનના સંપૂર્ણ અમલની ખાત્રરી આપતા હોવા છતાં શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ માટે પરવાનગી ન અપાતાં શિક્ષણ વિભાગની બેધારી નીતિ સામે વિરોધ જોવા મળ્યો છે.

## શ્રી બોરડીટીબા - વજેપુરાકંપા ગૃપ કેળવણી મંડળના પ્રમુખ તરીકે વરણી



બાયડ, તા. ૨૧

શ્રી બોરડીયા - વજેપુરાકંપા ગૃપ કેળવણી મંડળની વાર્ષિક સાધારણસભા શાળાના મુખ્ય દાતાશ્રી નારણભાઈ કે. પટેલ વજેપુરાકંપાના પ્રમુખ સ્થાને મળી જેમાં કેળવણી મંડળના પ્રમુખ તરીકે જયંતિભાઈ આર પટેલ બોરડીયા, ઉપપ્રમુખ તરીકે નગીનભાઈ એમ. પટેલ, બોરડીકંપા અને જયેશભાઈ આર પટેલ વજેપુરાકંપા મંત્રી મણિભાઈ એચ. પટેલ, વજેપુરાકંપા, સહમંત્રી : રાહુલ પટેલ, ખજાનચી - જયંતિભાઈ એમ. પટેલ, વજેપુરાકંપાની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

# પાલનપુર શહેરને ભારત સરકારના રેલવે મંત્રાલયે બાનમાં લીધું

## બંન્ને ઓવરબ્રીજનું કામ ગોકળગાયની ગતિએ : શહેરમાં દિવસભર ટ્રાફિક જામથી લોકો ત્રાહિમામ

પાલનપુર,તા. ૨૧

પાલનપુરના વધતા જતા વિકાસ સાથે ટ્રાફિકની સમસ્યા વિકટ બનતી જાય છે. એમાંય વળી, પાલનપુરના પ્રવેશદ્વાર સમા રેલવે બ્રિજ નું રીનોવેશન ચાલતું હોઈ ટ્રાફિક ની સમસ્યા વકરી છે.

પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા દિન-પ્રતિદિન વકરતી જાય છે. પાલનપુરના એરોમાં સર્કલ પર ટ્રાફિક ની સમસ્યા ઠેરની ઠેર છે. ત્યારે રેલવે ઓવરબ્રિજના રીનોવેશને ટ્રાફિકની સમસ્યામાં વધારો કર્યો છે. એક જ પુલ પરથી વાહનોની અવર જવરને પગલે ટ્રાફિકજામ થતા લોકોના માનવ કલાકો વેડફાઈ રહ્યા છે. છતાં તંત્રના પેટનું પાણી યે હલતું નથી. રેલવે ઓવરબ્રિજ ના રીનોવેશન અને માનસરોવર રેલવે ઓવરબ્રિજનું કામ ચાલતું હોય પાલનપુર સિટીમાં જવું-આવવું માથાના દુખાવા સમુ બન્યું છે. ત્યારે હવે તો સરકારે હેલિકોપ્ટરની વ્યવસ્થા કરવી જોઈએ તેવી માર્મિક ટકોર કરી રહ્યા છે.

પાલનપુર શહેરમાં પ્રવેશવાના બે મુખ્ય માર્ગ છે જેમાં માનસરોવર ફાટક ઉપર ચારેક વર્ષથી બ્રિજ કામ ચાલી રહ્યું છે ગેરકાયદેસર દબાણો અને ડિઝાઈન મુદ્દે પુલનું કામ વિલંબમાં પડ્યું હતું આ પ્રશ્નનો નિવેડો આવી ગયો હોવા છતા તો આ બ્રિજનું ઠેકાણું ન પડતાં વાહનચાલકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા છે તો બીજી બાજુ ભાજપ કાર્યાલય પાસે વિશ્રામ ગૃહ પાસે નો બ્રિજ ઊંચો લેવાનું કામ છેલ્લા એક વર્ષથી શરૂ કરાયું છે જેમાં ગુરુનાનક ચોક થી જોરાવર પેલેસ તરફ જવાના બ્રિજનું કામ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યું છે પરિણામે બાજુના બ્રિજ ઉપરથી વાહનોની અવરજવર કરાય છે જેમાં રોજેરોજ ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાય છે એમાંય સવારે ઓફિસ સમય અને સાંજે ઓફિસ છૂટવાના સમયે ભારે ટ્રાફિક જામ થાય છે અહીં ૭૦ જેટલા દવાખાનાઓ આવેલા છે એટલે ઘણીવાર એમ્બ્યુલન્સ ટ્રાફિક માં ફસાઈ જતા દર્દીઓના જીવ જોખમમાં મુકાઈ જાય છે.બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેર ને ભારત સરકારના રેલવે મંત્રાલય બાનમાં લઈ લીધું છે છેલ્લા ૧૮ મહિનાથી કોરોના મહામારીમાં વેપાર ધંધો ચોપટ વળી ગયા છે પણ રેલવેના રેઢીયાળપણાએ તો શહેરમાં આવવાના માર્ગ જ બંધ કરી દઈને પાલનપુર વાસીઓને પારાવાર મુશ્કેલીમાં મૂકી દીધા છે

મડાણા-ગઢનો રોડ રક્તરંજીત બન્યો

# ગઢના દશામાં મંદિરે જતા પડયાત્રીઓ પર કાળ બનીને આવેલી ઈક્કો ફરી વળી

## ઈક્કોએ ત્રણ કિલોમીટરના અંતરમાં ત્રણ જગ્યાએ સાત યુવકોએ અડફેટે લીધા : બે યુવકના મોત : પાંચ યુવક ઘાયલ

પાલનપુર,તા. ૨૧

પાલનપુર તાલુકાના મડાણા થી ગઢ જતા માર્ગ પર મંગળવારની રાત્રીએ એક કાળ મુખી ઈક્કો ગાડીએ પગપાળા જગ્યાએ રાહદારીઓને અડફેટે લઈ ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો મંગળવાર ની રાત્રે રાત્રે દશામાના વ્રતનું જાગરણ હોય ગઢ ખાતે આવેલા દશામાના મંદિરે દૂર સાત પદયાત્રીઓ ને હડફેટે લીધા હતા જેમાં મડાણાના બલાસરી તળાવ પાસે ચાર યુવકોને બાદમાં નહેર પાસે બે યુવકો અને છેલ્લે ગઢ દશામાં ચાર રસ્તા પાસે એક યુવકને ટક્કર મારી ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો જે બાદ ઈકકોનો ચાલક ગઢ સીએનજી પમ્પ પાસે ઈક્કો મૂકીને અંધારામાં નાસી છૂટ્યો હતી આ દુર્ગટનામાં મડાણા ગામના સાત યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થાનિકોની મદદથી ઈજાગ્રસ્તોને ગઢ બાદ વધુ સારવાર અર્થે પાલનપુરની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં જ્યા બે વ્યક્તિના કરૂણ મોત નિપજ્યા હતા બનાવના પગલે ગઢ પોલીસે ઘટના સ્થળે દોડી આવી હતી અને

### ત્રણ કિલોમીટર ના અંતરમાં ત્રણ જગ્યાએ યુવકોને કચડયા

પાલનપુર તાલુકાના તાલેપુરા થી બેફામગતિ એ ગઢ તરફ આવી રહેલી ઈક્કો ગાડી ના ચાલકે મડાણા ગામના તળાવ પાસે ચાર યુવકો ને અડફેટે લીધા બાદ આગળ જતા કેનાલ પાસે વધુ બે રાહદારી યુવકોને ટક્કર મારી હતી અને તે બાદ ગઢ દશામાં ચાર રસ્તા પર એક યુવક ને ફગોળ્યો હતો જેમાં બે યુવક ના મોત થયા હતા અને પાંચ યુવકો ઘાયલ થતા તેમને સારવાર અર્થે દાખલ કરાયા છે

દશામાં મંદિરે દર્શન કરવા જ્યા સાત યુવકોએ ત્રણ જગ્યા અડફેટે લઈ ગોઝારો અકસ્માત સર્જતાં પદયાત્રીઓમાં નાસભાગ મચી હતી આ હિટ એન્ડ રનની ઘટના બાદ ગાડીનો ચાલક ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો આ દુર્ગટનામાં મડાણા ગામના બે યુવકોના કરૂણ મોત થયા હતા જ્યારે પાંચ યુવક ગંભીર ઘાયલ થતા ચકચાર મચી જવા પામી હતી

બનાસકાંઠા જિલ્લામાં વધતા જતા અકસ્માતોના પ્રમાણ વચ્ચે પાલનપુર તાલુકાના મડાણા થી ગઢ જતા માર્ગ પર રાત્રીના સમયે બેફામ ગતિએ પસાર થઇ રહેલી એક ઈક્કો ગાડીના ચાલક ત્રણ કિલોમીટરના અંતરના ત્રણ દૂર થી લોકો માતાજીના સાંઢણી પધરાવવા તેમજ માતાજી માં દર્શન કરવા પગપાળા આવી રહ્યા હતા દરમ્યાન રાત્રીના દશેક વાગ્યાના સુમારે મડાણા થી ગઢ આવતા રોડ પર એક ઈક્કો ગાડીના ચાલકે પદયાત્રીઓને જાણે બાન માં લીધા હોય તેમજ રસ્તામાં ત્રણ જગ્યાએ અકસ્માત સર્જનાર ઈક્કો ગાડી કબ્જે કરી હતી અને મૃતક યુવકના પિતાની ફરિયાદ આધારે અકસ્માત સર્જનાર ઈક્કો ચાલકને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

**કમનસીબ મૃતકો**
મૃતક, નરસિંહ સુજમલજી સોલંકી રહે.મડાણા
મૃતક, કિરણજી પોપટજી ઠોકોર રહે.મડાણા

**ઇજાગ્રસ્તો**
૧, રાકેશજી શંભુજી ઈટોલીયા
૨, વિપુલજી રમેશજી ઈટોલીયા,
૩, સંતોષ શંભુજી કાતરીયા (ઠાકોર)
૪, વિનોદભાઈ ગીરીશભાઈ સાધુ
૫, અમીતભાઈ નટવરભાઈ સોલંકી (પરમાર) તમામ રહે મડાણા (ગઢ)

# ભિલોડામાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસયટી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

## હવે ભિલોડાના અંતરીયાળ વિસ્તારોમાં રેડ ક્રોસ સોસાયટીની સુવાસ ફેલાશે

મોડાસા, તા. ૨૧

સમગ્ર વિશ્વમાં આરોગ્યલક્ષી સેવાઓમાં અગ્રેસર અને અરવલ્લી જીલ્લામાં આરોગ્ય લક્ષી સહીત વીવીધ સેવાકીય કાર્યો અને જરૂરિયાતમંદ લોકોની સેવામાં અગ્રેસર રહેતી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ધીરે ધીરે અંતરીયાળ વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓ લોકોને મળી રહે તેવા સતત પ્રયત્ન આદર્યા છે ત્યારે જિલ્લાના આદીવાસી વસ્તી ધરાવતા ભિલોડા તાલુકામાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની નવી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું જેથી આદિજાતિ વિસ્તારના લોકોને હવે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના કાર્યોનો સરળતાથી લાભ મળશે.



ભિલોડા તાલુકામાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની નવીન શાખાનું ભિલોડાના ધારાસભ્ય અનલિભાઈ જોષીયારાએ કાર્યાલય ખુલ્લું મૂક્યું હતું અને ભિલોડા રેડ ક્રોસ સોસાયટી ને ૨૧ હજાર રૂપિયાનું દાન આપ્યું હતું તેમજ રેડક્રોસ માટે આગામી સમયમાં જે પણ યોગદાન આપવાનું થાય . લેબોટરી, બ્લડબેંક કે રેડ ક્રોસ ની કઈ પણ સુવિધા હોય તેમાં મારુ યોગદાન રહેશે. રેડ ક્રોસ ની સ્થાપના કરી મહિલાઓ આગળ આવી જાગૃત બની તે બદલ મહિલાઓને બિરદાવી હતી. અરવલ્લીના મોડાસા રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી ભરતભાઈ પરમારે રેડ સારી એવી રૂપરેખા અને અભિયાન પોતે ચલાવી રહ્યા છે જેમાં તેઓએ કહ્યું કે રેડ ક્રોસ એનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે તેની વિસ્તૃત માહીતી આપી જેમાં પ્રાથમિક સારવાર હોમ હેલ્થ કેર જે રોજગાર લક્ષી આરોગ્ય અને શિક્ષણ જે છેલ્લા પાંચ વરસથી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લામાં આ પ્રવૃત્તિ ચાલી રહી છે. અરવલ્લી જિલ્લાના તમામ તાલુકામાં જેમકે માલપુર, મેઘરેજ બાયડ, ભિલોડા ,ધનસુરા દરેક જગ્યાએ રેડ ક્રોસ સોસાયટીની તાલુકા બ્રાન્ચો કરવામાં આવી છે આવી છે ગ્રામ્ય વિસ્તારના લોકોને અને આસપાસના વિસ્તારના લોકોને પ્રાથમિક સારવાર માટે મોડાસા અને અમદાવાદ ન જવું પડે ગ્રામ્ય વિસ્તારના લોકોનો સમય બચે અને આર્થિક ભારણ પણ બચે,તે માટે તેઓએ દરેક જગ્યાના તાલુકામાં રેડ ક્રોસ સોસાયટી ની બ્રાન્ચ બનાવી છે. કોલોજ નાં વિદ્યાર્થીઓ માટે યુથ રેડ ક્રોસ મા થેલેસીમિયા પરિક્ષણ , શિક્ષણ, આરોગ્ય તેમજ રાજયને દેશ નો સારો નાગરિક બને એનું ઘડતર થાય એવું માર્ગ દર્શન આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે તેઓ આ કાર્ય કરી રહ્યા છે જેઓ લોકજાગૃતિ પ્રાથમિક સારવાર તેમજ સમાજ સેવાકીય પ્રવૃત્તિઓમાં અત્યાર સુધી યોગદાન આપી રહ્યા છે. તેમજ પ્રસંગને કિરણ ભાઈ ખરાડી, વિઠ્ઠલભાઈ પટેલ, અરવિંદ ભાઈ શ્રીમાળી , શ્રી ડો. કટારા , સી. એની બેન અને સી. પ્રેમિલાબેને આ મહુનાભવો એ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું ભિલોડા રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી મેરી બહેન ને મહેમાનોનું પરિચય અને મહેમાનોનું સ્વાગત કર્યુ હતું લક્ષ્મીબેન જેઓ રેડક્રોસ સોસાયટીના સેકરેટરી છે તેઓએ પ્રોગ્રામ નું સંચાલન કર્યુ હતું અને તેમજ સવિતાબેન જેઓ વાઈસ ચેરમેન છે તેઓ એ આભાર વિધિ કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી. આ કાર્યક્રમ મા રેડ ક્રોસના સભ્યો અને ગામના પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આદિજાતિ વિસ્તારમાં રેડક્રોસ સોસાયટીની નવીન શાખા આદિવાસી મહિલા વિકાસ સંઘ ભિલોડાની જગ્યામા ખુલ્લી મુકાઈ છે. હવે તાલુકામાં પણ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની શરૂઆત થતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

હજુ પણ પ્રામાણિકતા મરી પરવારી નથી

# પ્રાંતિજના મુસ્લિમ ઈસમને પૈસા ડોક્યુમેન્ટ સાથે પર્સ મળતાં મુળ માલિકને પરત કર્યું

## પોતાની માતાને હોસ્પિટલ લઈને ગયેલ ઇસમને પર્સ મળતા મુળ માલિકને પરત કર્યુ : પર્સમા ૨૫૦૦ રોકડા તથા એટીએમ કાર્ડ ડોક્યુમેન્ટ હતુ

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વ્હોરવાડ ખાતે રહેતા રહીમભાઈ પાના વાલા ને એક પર્સ મળતા તેવોએ તલોદ ના પર્સ માલિક ને પરત કર્યુ.

પ્રાંતિજના વ્હોરવાડ ખાતે રહેતા રહીમભાઈ પાનવાલા પોતાની માતા ને લઈ ને સાજના સમયે હિંમતનગર પાસે આવેલ પીપલોદી કિષ્ણા હોસ્પિટલ ખાતે દવા લેવા ગયા હતા અને તેમની માતા ની દવા લઈ ને પરત પ્રાંતિજ આવવા હતા ત્યારે હોસ્પિટલ બહાર થી તેવોને એક પર્સ મળ્યુ હતુ અને તેવોએ આજુબાજુ તપાસ કરતા કોઈ મળી ના આવતા રાત્રીનો સમય હોવાથી તેવો પોતાની સાથે પર્સ ધરે લાવ્યા હતા અને ધરે બેસી પર્સ મા તપાસ કરતા રોડકા ૨૫૦૦ તથા આધાર કાર્ડ, એટીએમ કાર્ડ સહિત ના ડોક્યુમેન્ટ હોય અને ગેસની સિલ્પ મળતા તેના ઉપર થી તેવોએ સર્પક કરતા મુળ માલિક સુધી પહોચ્યા હતા જેમા તલોદના વરવાડાના ઝાલા કિષ્ણસિંહ મુળસિંહ પણ પોતાના પિતાને હોસ્પિટલ મા દાખલ કરેલ હોય તેવો પણ દવાખાને આવ્યા હતા અને તે સમય દરમ્યાન તેવોનુ પર્સ પડી ગયુ હતુ તેવોએ શોધખોળ કરી હતી પણ મળ્યુ ન હતુ ત્યારે બીજા દિવસે પ્રાંતિજ ના રહીમભાઈ પાનાવાલાનો ફોન જતા ઝાલા કિષ્ણસિંહ મુળસિંહ પ્રાંતિજ ખાતે આવીને પર્સ લઈ ગયા હતા અને તેવોએ પર્સ મળતા જરૂર ડોક્યુમેન્ટ સહિત રોકડ રકમ પરત મળતા ખુશી વ્યક્ત કરી હતી અને રહીમભાઈ પાનવાળો નો આભાર માન્યો હતો ત્યારે હજુ પણ પ્રમાણિકતા મળી પરવારી નથી તેમ કહીએ તો નવાઈ નહી.




# જુનાડીસા ગામ નજીક કારની ટકકરથી બાઈક સવારનું ઘટનાસ્થળે મોત

## માણેકપુરાના યુવકના અકાળે મોતથી અરેરાટી : હાઇવે ઉપર માર્ગ અકસ્માતના બનાવોમાં વધારો

ડીસા, તા. ૨૧

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં માર્ગ-અકસ્માતના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે.ત્યારે ડીસા તાલુકાના જુનાડીસા ગામ પાસે મારુતિકાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં બાઈક સવાર યુવકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં માર્ગ-અકસ્માતના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે.ખાસ કરીને અત્યાર સુધી માર્ગ-અકસ્માતના સૌથી વધુ બનાવોમાં બાઈક સવારો ભોગ બન્યા છે.વારંવાર સર્જાતા નાના મોટા અકસ્માતમાં અત્યાર સુધી અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે અને અનેક લોકો મોતને પણ ભેટ્યા છે.ત્યારે આવો જ વધુ એક અકસ્માત જુનાડીસા ગામ પાસે સર્જાયો હતો.જેમાં કુમકુમ કોલ્ડ સ્ટોરેજ પાસે માણેકપુરા ગામનો યુવક બાઈક લઈને પોતાના ઘરે જઈ રહ્યો હતો તે સમયે અચાનક સામેથી મારુતિકાર આવી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.અકસ્માતમાં બાઈક સવાર વિક્રમજી ઠાકોર રોડ પર પટકાયા હતા.જેથી તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.અકસ્માત સર્જાતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને અકસ્માતમાં ઈજાગ્રસ્ત વિક્રમજી ઠાકોરને તાત્કાલિક સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટરો દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ અકસ્માત સર્જાતાં ડીસા તાલુકા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. અને અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



### બમ્પ બનાવવાની માંગ

જુના ડીસા ગામના હાઈવે ઉપર છેલ્લા કેટલાક સમયથી માર્ગ અકસ્માતના બનાવો વધી રહ્યા છે.તેમાં હાઈવે રોડનું નવીનીકરણ થયા બાદ વાહનો બેફામ ઝડપે દોડે છે. જેથી વારંવાર સર્જાતા અકસ્માતને લઈ લોકોમાં ભય જોવા મળી રહ્યો છે.ત્યારે હાઈવે ઉપર અકસ્માત ઝોન પુરવાર થયેલા સ્થળોએ સ્પીડ બ્રેકર કે બમ્પ બનાવવાની પણ ઉગ્ર લોક માંગ ઉઠવા પામી છે.

# ભારત વિકાસ પરિષદ પાલનપુર શાખા દ્વારા ગુરુવંદન-છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૧

ભારત વિકાસ પરિષદ એ સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા, સમર્પણના સૂત્રો દ્વારા સમાજમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો કરે છે.તેમા આપણે રાષ્ટ્રીય સ્તરે કેટલાક કાર્યક્રમો નક્કી કરેલા છે તેમાંનો એક કાર્યક્રમ ગુરુવંદન-છાત્ર અભિનંદન.....

આ વર્ષે મોદી સ્કૂલ માં ગુરુ વંદન કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં વિદ્યાર્થીઓ એ ગુરુઓનું તિલક કરીને સન્માન કર્યું હતું.

જેમાં કિરણભાઈ સોની દ્વારા ભારત વિકાસ પરિષદ સંસ્થાનો પરીચય આપવામાં આવ્યો બાદ માં કુલીશભાઈ જોષી દ્વારા ગુરુ-શિષ્યના મહિમા વિશે સમજાવવામાં આવ્યું. અને સહ કન્વીનર ચિરાગભાઈ ત્રિવેદી દ્વારા સારા નાગરિક તરીકે ના શપથવિધી કરાવેલ ત્યાર બાદ શાખા ના સભ્યો દ્વારા શિક્ષકો તથા વિધાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા અને પ્રસાદની વહેચણી કરવામાં આવી.

આ સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન મંત્રી વિનોદભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. ભારત વિકાસ પરિષદ પાલનપુર શાખાના પ્રમુખ મુકેશભાઈ મોદી (ચોકસી), ઉપપ્રમુખ નયનભાઈ શાહ, ખજાનચી ભરતભાઈ પંચાલ સહમંત્રી અનીલભાઈ રાવલ, મહિલા ટીમના કલ્પનાબેન મોદી, ભારતીબેન શાહ તેમજ મોદી સ્કૂલના ટ્રસ્ટીશ્રીઓ, નિયામકશ્રી,પ્રિન્સિપાલ, શિક્ષકો, તેમજ સ્ટાફગણ અને સ્કૂલના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.






## આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે પાલનપુરમાં ભારતીય જનતા યુવા મોરચા દ્વારા મેરેથોન દોડ યોજાઇ

આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે યુવા સંકલ્પ યાત્રાના ભાગ રૂપે પાલનપુર ભારતીય જનતા યુવા મોરચા,શહેર તેમજ પાલનપુર તાલુકા ભાજપ દ્વારા ગુરૂવારે મેરેથોન દોડ યોજવામાં આવી હતી.જેને પાલનપુર જી.ડી.મોદી કોલેજ ખાતેથી શરૂ કરવામાં આવી હતી.જેમાં પ્રથમ આવનાર પાંચ વ્યક્તિઓને સર્ટી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં હિતેશભાઈ ચૌધરી,દિવાકર જોષી સહીત યુવાનો જોડાયા હતા.

## જન્મદિને વધામણી



દિપક આર. સુથાર
(વૃન્દાવન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



મહેન્દ્રભાઈ એલ. પટેલ
બોરડીટીંબાકંપા,
તા.ધનસુરા



પ્રકાશ સોની
(અંબિકા જ્વેલર્સ)
ડેમાઈ, તા.બાયડ

ઘરમાં રહો, સુરક્ષિત રહો

રક્તદાન મહાદાન